# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-01-2025** **Morning : 7.10 to 7.20**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1) **આજથી અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ થશે**
2) **કરુણા અભિયાન અંતર્ગત, રાજ્યભરમાં ૧૪ અને ૧૫ જાન્યુઆરી દરમિયાન ૧૯૬૨ એમ્બ્યુલન્સની સંખ્યા ૩૭થી વધારીને ૮૭ કરવામાં આવી**
3) **અમદાવાદમાં HMP વાયરસનો વધુ એક કેસ નોંધાયોઃ 9 મહિનાના બાળકનો રિપોર્ટ પોઝિટિવ**
4) **આગામી 24 કલાક બાદ ઠંડીમાંથી રાહત મળવાની હવામાન ભાગની આગાહી**
5) **કૂચ બિહાર ટ્રોફીની અંડર -19 ફાઇનલમાં તમિલનાડુ ચેમ્પિયન -- ગુજરાતની ટીમ રનર્સ અપ**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# INT. KITE FESTIVAL

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આજથી આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનો આરંભ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શરૂ થનારા આ આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં 46 દેશોના 143 પતંગબાજો અવનવા પતંગ ઉડાડશે. ભારતના અન્ય 11 રાજયોમાંથી 52 જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. ગુજરાતનાં 11 શહેરોમાંથી 417 જેટલા પતંગબાજો પણ ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત 12 જાન્યુઆરીના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી, રાજકોટ તથા વડોદરા ખાતે તેમજ 13 જાન્યુઆરીના રોજ સુરત, શિવરાજપુર, ધોરડો ખાતે પણ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-2025નું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ સ્થિત ધર્મેન્દ્રસિંહજી કોલેજ ખાતે આવતી કાલે સવારે 9 કલાકે સાંસદ પરશોત્તમ રૂપાલાના હસ્તે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનો શુભારંભ થશે.

# Kite festival emergency case

**કરુણા અભિયાન અંતર્ગત, પ્રાણી અને પંખીઓને ઝડપથી મદદ પહોંચે તે માટે રાજ્યભરમાં ૧૯૬૨ એમ્બ્યુલન્સની સંખ્યા ૧૪ અને ૧૫ જાન્યુઆરી દરમિયાન ૩૭થી વધારીને ૮૭ કરવામાં આવી છે.**

રાજ્યમાં છેલ્લાં કેટલાંક વર્ષોની ઘટનાનાં વિશ્લેષણના આધારે, ૧૪ જાન્યુઆરીનાં રોજ અંદાજે ૧,૪૭૬ ઇમર્જન્સી કેસ નોંધાવાની શક્યતા છે, જે સામાન્ય દિવસોમાં નોંધાતા ૮૪૨ કેસોની સરખામણાએ ૭૨.૨૮% નો વધારો દર્શાવે છે. તે જ રીતે, ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ૧,૪૯૫ ઇમર્જન્સી કેસ થવાની શક્યતા છે, જે ૭૭.૫૩% નો વધારો દર્શાવે છે.
રાજકોટ જિલ્લામાં સામાન્ય દિવસોમાં સરેરાશ ૪૬ જેટલા ઇમર્જન્સી કેસ સામે ઉત્તરાયણનાં દિવસે ૧૦૪ જેટલા કેસની સંભાવના સાથે ૧૨૪.૧૪%નો વધારો જોવા મળશે તેમજ. ૧૫ જાન્યુઆરીના રોજ ૮૭ જેટલા કેસ નોંધવાની સંભાવના સાથે ૮૭.૫૦% નો વધારો થવાની સંભાવના હોવાનું ૧૯૬૨ના પ્રોગ્રામ મેનેજર ડોક્ટર પ્રિયાંક પટેલે જણાવ્યું છે.

# HMPV કચ્છ

રાજ્યમાં હ્યુમન મેટાપ્ન્યુમોવાયરસ-HMPV ના કેસો સામે આવી રહ્યા છે ત્યારે કચ્છ જિલ્લાનું આરોગ્ય તંત્ર પણ એલર્ટ થયું છે. અને સર્વેલન્સ સહિતની વિવિધ કામગીરી હાથ ધરાઈ છે. કચ્છમાં હાલ રણોત્સવને પગલે પ્રવાસનની સીઝન ચાલી રહી છે ત્યારે તંત્ર દ્વારા પણ HMP વાયરસના નિયંત્રણ માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર. મિતેશ ભંડેરીએ આકાશવાણીને જણાવ્યું કે, આ વાયરસથી ગભરાવાની જરૂર નથી, પણ શરદી, ઉધરસ અને તાવના લક્ષણો જણાય તો તાત્કાલિક સારવાર લેવી જોઈએ.

આ અંગે ડોક્ટર ભંડારીએ વધુ માહિતી આપી

**(BYTE ડો. મિતેશ ભંડેરી, CDHO-કચ્છ)**

## HMP virus Ahmedabad

અમદાવાદ શહેરમાં HMP વાયરસનો વધુ એક કેસ નોંધાયો છે. સાઉથ બોપલ વિસ્તારમાં રહેતા 9 માસના બાળકને 6 જાન્યુઆરીના રોજ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું, જેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

બાળ દર્દીને છેલ્લાં કેટલાંક સમયથી શરદી - ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફ હોવાથી સારવાર માટે દાખલ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. તેની વિદેશ કે અન્ય કોઈ સ્થળે ટ્રાવેલ હિસ્ટ્રી જોવા મળી નથી. દર્દીના સેમ્પલને ચકાસવાની પ્રક્રિયા આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે.

અમદાવાદમાં HMP વાઇરસનો આ ત્રીજો કેસ નોંધાયો છે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.....................................

# AI PROJECTS-ARAVALLI

અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે પ્રાર્થના સ્કૂલના વિદ્યાર્થીઓએ અવનવા આર્ટિફિશિયલ ઇંટેલિજન્સ પ્રોજેક્ટ તૈયાર કર્યા છે. ધોરણ 1 થી 8 ના વિદ્યાર્થીઓએ 250 જેટલા પ્રોજેક્ટ તૈયાર કર્યા હતા, જેમાંથી 100 જેટલા પ્રોજેક્ટ માત્ર AI આધારિત હતા. પ્રદર્શનને અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રી ભીખુસિંહ પરમારનાં હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

આ અંગે , કેમ્પસ ડાયરેક્ટર ડોક્ટર મનોજ કાલેએ વધુ માહિતી આપી

## (બાઇટ-મનોજ કાલે)

# Rajkot train cancelled

જમ્મુ-તાવી, સ્ટેશન પર ચાલી રહેલા સ્ટેશન રિડેવલપમેન્ટ કાર્યને કારણે, રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ત્રણ ટ્રેનો રદ કરવામાં આવી છે.

4 માર્ચના રોજ હાપાથી ઉપડતી હાપા-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ, 5 માર્ચનાં જામનગરથી ઉપડતી જામનગર-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા અને 3 માર્ચનાં રોજ શ્રી માતા વૈષ્ણો દેવી કટરાથી ઉપડતી શ્રી માતા વૈષ્ણો દેવી કટરા-હાપા એક્સપ્રેસ રદ કરવામાં આવી છે.

# NFSU GANDHINAGAR

ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફોરેન્સિક સાયન્સ એન્ડ સાયબર સિક્યુરિટી સાથે સંલગ્ન નરનારાયણ શાસ્ત્રી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજીનાં જેતલપુર કેમ્પસમાં પ્રથમ મોક ક્રાઇમ સીન અને મૂટ કોર્ટ સ્પર્ધા યોજાઈ હતી.

આ સ્પર્ધામાં સમગ્ર ભારતમાંથી ૨૨ ટીમોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં વિદ્યાર્થીઓને નવા ફોજદારી કાયદાની જોગવાઈ, ક્રાઈમ સીન મેનેજમેન્ટની SOP અને કાયદાની અદાલતમાં પુરાવાઓની રજૂઆત મુજબ ક્રાઈમ સીન મેનેજમેન્ટ શીખવાની તક મળી હતી. સ્પર્ધામાં NFSUની ટીમ પ્રથમ ક્રમે આવી હતી.

# WEATHER

હવામાન વિભાગે આગામી 24 કલાક બાદ ઠંડીમાંથી રાહત મળવાની આગાહી કરી છે અને જણાવ્યું છે કે, 12 જાન્યુઆરીથી ફરી એક વખત તાપમાનમાં બે થી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાશે, જેથી ઠંડીમાં વધારો થશે. હવામાન વિભાગના નિયામક એ કે દાસના જણાવ્યા અનુસાર બે દિવસ બાદ વેસ્ટન ડીસ્ટર્બનન્સની અસરો પૂર્ણ થતા ફરી એક વખત ઠંડીનો અનુભવ થશે.

ગઇકાલે નલિયામાં સૌથી ઓછું 6 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ઉપરાંત ભુજ, ડીસા, કંડલા અને વડોદરામાં પણ ઠંડીનો ચમકારો અનુભવાયોછે.વડોદરામાં 12.7 ડિગ્રી, રાજકોટમાં 14.7 ડિગ્રી, તથા અમદાવાદમાં 15.1 ડિગ્રી, સરેરાશ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ ઉત્તરાયણના પર્વમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થવાથી ઠંડીમાં રાહત મળે તેવી સંભાવના છે.

## (બાઇટ એ કે દાસ , વડા , હવામાન વિભાગ)

# KUCH BIHAR TROFY

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી BCCI કૂચ બિહાર ટ્રોફીની અંડર -19 ફાઇનલમાં તમિલનાડુએ પ્રથમ ઇનિંગની

સરસાઈના આધારે ચેમ્પિયન બની હતી. જ્યારે ગુજરાત ની ટીમ રનર્સ અપ બની હતી.

પુરુષો ની અંડર-25 ટ્રોફી માં ગુજરાતને 56 રન થી હરાવી ને પંજાબ ચેમ્પિયન બન્યું હતું.

# PATAN-BHUJ DEVELOPMENT WORK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભુજ શહેરના રસ્તાઓના રીસરફેસ અને મજબુતીકરણ માટે ૧૪.૧ કિ.મી. લંબાઈના કુલ ૭ રસ્તાઓના કામો માટે કુલ 30 કરોડ 50 લાખ રૂપિયા મંજુર કર્યા છે.

દરમિયાન, ગઇકાલે પાટણ જિલ્લાના સિદ્ધપુર વિધાનસભાના ધારાસભ્ય અને રાજ્યના કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતના હસ્તે સરસ્વતી તાલુકાના પાંચ ગામોમાં ૨૦ કરોડ રૂપિયાથી વધુના વિકાસ કામોનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું.